નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીની કચેરી સુરત,
નગર પ્રા. શાળા નંબર 20, ત્રીજો માળ,
ડચ રોડ, નાનપુરા,સુરત
Email:-dlma.surat@gmail.com

જા.નં:ન.સા.કા./૨૦૨૫-૨૬/સર્વેપત્ર/૧૧ તા: 28/01/2026

પ્રતિ.
પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિ.સુરત
શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,સુરત
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામજિ.સુરત.
આચાર્યશ્રી, પ્રાથમિક/માધ્યમિક શાળા તમામ જિ.સુરત (TPEOમારફત)
બી.આર.સી.કો.ઓ.શ્રી/સી.આર.સી.કો.ઓ.શ્રી તમામ જિ.સુરત

વિષય:- ઉલ્લાસ "નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" અંતર્ગત ૧૫ થી ૬૦ વર્ષન બિનસાક્ષરોના સર્વે કરવા બાબતે.

સંદર્ભ:- ૧) માન. નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ગાંધીનગરના તા.૧/૧૧/૨૦૨૫ના પત્ર અન્વયે.

2) સદર કચેરીનો તારીખ 22/4/2025ના સંયુક્ત સહીથી કરેલ સર્વેનો પત્ર

3)તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ આયોજીત કામગીરીસમીક્ષામિટિંગમાંનિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ગાંધીનગરતરફથી મળેલસૂચનઅન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ભારત સરકારશ્રી, દ્વારા આ જિલ્લામાં નવ ભારત સાક્ષરતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત FLNAT પરીક્ષા લેવામાં આવે છે. જેમાં ચાલુ વર્ષે વધુમાં વધુ બિનસક્ષારોનું રજીસ્ટ્રેશનથાય અને ગુજરાતનો સાક્ષારતા દર ઉચો આવે તે મુજબ કાર્યપદ્ધતિ અનુસરવા ન્યુ દિલ્હીથી સુચનાજણાવવામાં આવે છે.

આ જિલ્લાનાં ૧૫ થી ૬૦ વર્ષના બિનસાક્ષરો સર્વેમાં આવરી લેવા માટે દરેક શહેરી વિસ્તાર તાલુકા તથા ગ્રામ્ય વિસ્તારના બિનસક્ષારોની સર્વેની કામગીરી કરવી અત્યંત આવશ્યક છે. આ કામગીરી સંપૂર્ણપણે વિશ્વસનીય અને પ્રમાણભૂતપૂર્વક કરવામાં આવે તે માટે જિલ્લા વહીવટી તંત્રનાં સહયોગથી આયોજનબદ્ધ કામગીરી કરવાની રહેશે. ગ્રામ /વોર્ડ કક્ષાએ સ્થાનિક સર્વેની કામગીરી પ્રાથમિક શાળાના આચાર્ય, શિક્ષકો તથા તલાટી મંત્રીની સંયુક્ત જવાબદારીથી નિભાવવાની રહેશે. સર્વેની કામગીરી માટે ઓફલાઈન સર્વેનો પત્રનો નમુનો આ સાથે સામેલછે. તે મુજબ ગ્રામ્યકક્ષાના પ્રાથમિક શિક્ષકો, આંગણવાડી કાર્યકરો, આશાવર્કર, મહિલા આરોગ્યકાર્યકર(FHW).પુરુષ આરોગ્યકાર્યકર (MHW) વગેરેની સહાયથી તેમના ક્ષેત્રના વિદ્યાર્થીઓ, વાલીઓ. કાર્યકરોની મદદથી તેમના વિદ્યાર્થીઓના વાલી-પડોશીઓ વગેરેની માહિતી પોતાની અનુકુળતા મુજબ મેળવવાની રહેશે. આ કામગીરીમાં ૧૫થી૬૦ વર્ષના કોઈપણ બિનસાક્ષરો બાકી ન રહે તે સુનિશ્ચિત કરવા વિનંતીછે.

કલસ્ટર કક્ષા એ થયેલ સર્વેની શીટ અનેપ્રમાણપત્રની નકલ સી.આર.સી.ઓ.શ્રી દ્વારા એકત્રિત કરવાની રહેશે.કલસ્ટર કક્ષાએથી થયેલ સર્વેની શીટ અનેપ્રમાણપત્રની નકલ એકત્રિત કરી બ્લોક કક્ષાના સર્વેની કામગીરી પૂર્ણ થયેલ છે.તે તાલુકાના TPEO અનેBRCCO. દ્વારા સુનિશ્ચિત કરવાનુ રહેશે. કલસ્ટર કક્ષાએથી થયેલ સર્વેની શીટ અનેપ્રમાણપત્ર જિલ્લા કક્ષાની આ કચેરીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણધિકારીશ્રીએ પહોચતા કરવાના રહેશે તે પછી નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકરી દ્વારા આ યાદી રાજ્ય કક્ષાએ રજુ કરવાની થશે. જેથી સાદર કામગીરી પૂરીકાળજી ગંભીરતા તેમજ નિષ્ઠાપૂર્વક કરવા જણાવવામાં આવે છે.

આ ઉપરાંત સંદર્ભપત્ર અન્વયે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરત દ્વારા VTની એક તાલીમ આપવામાં આવેલ હતી. તથા નવા VT આ કાર્યમાં જોડવા ઈચ્છતા હોય તો તે પણ રજીસ્ટ્રેશન કરીશકશે. સર્વેમાં શોધાયેલ બિનસાક્ષરોને VT દ્વારા શોધાયેલ સ્વયંસેવકો ભણાવી શકશે. એક સ્વયંસેવકે ઓછામાં ઓછા ૧૦ બિનસાક્ષરોને ભણાવવાના રહેશે. સ્વયંસેવીશિક્ષક (VT) દ્વારા ગામ કક્ષાએ સામાજિક ચેતના કેન્દ્ર. પ્રાથમિકશાળા.અથવા ગામના તલાટીમંત્રી અને શાળાના આચાર્યશ્રી દ્વારા પસંદ કરેલ સ્થળ પર સામાજિક ચેતના કેન્દ્ર દ્વારા નિયત કરાયેલ સમયે ૨.૦૦કલાક અધ્યાપનકાર્ય કરવાનું રહેશે. આ માટે શાળાના સ્માર્ટક્લાસ. ગ્રામપંચાયત. અન્યસસ્થા વગેરે ગામમાં ઉપલબ્ધ IT સાધનસામગ્રીનો ઉપયોગ કરવાનો રહેશે.

આગામી FINAT ની પરીક્ષા માર્ચ-૨૦૨૬માં NIOS-NEW DELHI દ્વારા યોજનાર છે. તે પરીક્ષામાં વધારે ને વધારે બિનસાક્ષરોનું રજીસ્ટ્રેશન થાય અને FLANT ની પરીક્ષામાં તમામ બિનસાક્ષરો ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. સંદર્ભ- ૧ ખાસ અભ્યાસ કરી 'નવભારત સાક્ષરતા કાર્યક્રમ વધુને વધુ સફળ બંને તેવા પ્રયત્ન કરવા.

બીડાણ:- સંદર્ભપત્ર. બિનસાક્ષરોના સર્વેનું પત્રક

નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી
જિ . સુરત

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
જિ . સુરત

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિ . સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
જિ. સુરત

સવિનયનકલરવાના જાણસારૂ:

- માન. જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેકટરશ્રી, કલેકટર કચેરી.સુરત.
- માન.નિયામકશ્રી ,સાક્ષરતા અને નિરંતર નિયામકશ્રીની કચેરી ,બ્લોક-૧૨,બીજોમાળ,ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ

તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ,તાલુકા તમામ,જિ.સુરત

૨/-તાલુકાના તલાટીકમ મંત્રીશ્રીને સહયોગ આપવા જાણ કરવા સારૂ

# ઉલ્લાસ નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લાના ૧૫+ બિનસાક્ષરોના સર્વે માટેનું પત્રક

પ્રાથમિક/માધ્યમિક શાળાનું નામ :- ........................................................................ગામ:-.........................તાલુકો:...........................જિ.:-........................

શાળાના આચાર્યશ્રીનું નામ :-.........................................................મો.નં:-................................. શાળાનો યુ ડાયસ નંબર:-..................................................

| ક્રમ | બિન સાક્ષર વ્યક્તિનું નામ ( આધાર કાર્ડ મુજબ ) | માતાનું નામ | જન્મ તારીખ | ઉંમર | પુરૂષ/ સ્ત્રી | કેટેગરી | વ્યવસાય | રેશન કાર્ડ/ચુંટણી કાર્ડ નંબર | મોબાઇલ નંબર | રહેવાસી/સ્થાનિક સ્થાળાંતરિત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |